## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




ચઢી રહ્યું છે કૂકર રસોઇ રંધાય છે,
કેશુબાપાની સીટીએ વિશ્વાસ બંધાય છે,
સંધાય છે સંબંધો અસંતુષ્ટોના આપસી -
ચઢી ગયો ઘંઘે, ચત્તા પક્ષ, ચિંતા બફાય છે..

### હાઈકુ

ઉકળાટમાં,
આપી ગયો ટાઢક -
ગ્રીષ્મોત્સવ
(કલ્ચરલ ફોરમ)

કરે દાંતીયા
પોતાની તો શેરીમાં -
શારૂખ શ્વાન
(અમેરિકામાં અપમાનિત)

### ચિંતન

**પરોપદેશવેલાયાં શિષ્ટાઃ સર્વે ભવન્તિ વૈ ।**
**વિસ્મરન્તીહ શિષ્ટત્વં સ્વકાર્યે સમુપસ્થિતે ॥**

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'માંથી છે :

'બીજાને ઉપદેશ-સલાહ-સૂચન આપવામાં બધા માણસો બુધ્ધિમાન-અનુભવી પંડિત થઇ જાય છે, પણ પોતાને જ જયારે એવી જ બાબતો અમલમાં, આચરણમાં મૂકવાની થાય ત્યારે એ બધી બુધ્ધિ-પંડિતાઇ ભૂલાઇ જાય છે.'

આપણા નેતાઓ, કથાકારો, બાપુઓ, સંતો-મહંતો 'વ્યાસપીઠ' કે ભાષણપીઠ પર માઇક પર પગ ખોડી ભાષણ ઠોકતા હોય ત્યારે દુનિયામાં પોતે જ એકલા આદર્શ નેતા કે સંત હોય એમ પોતાના શ્રોતાઓને સલાહ-સૂચન-ઉપદેશ આપતા હોય છે પણ જયારે પોતાના 'આચરણ'નો સમય આવે ત્યારે આદર્શને ઊંચા મૂકી 'વ્યવહારુ' રસ્તા કાઢતા હોય છે.

'ત્યાગી' થઇ સંસાર છોડનારા સંતો વિશાળ બંગલા જેવા આશ્રમો બાંધે, સંસારના (તમામ પ્રકારના) ભોગ ભોગવે, ધન-સંપતિ એકત્ર કરે છે પણ વાત 'સંયમ' અને ઇન્દ્રિય દમનની જ કરે છે.

નેતા-શિક્ષકો-વડીલો-સાસુઓ બધાં આ કક્ષામાં આવે જાતે કંઇ કરવું નહીં પણ બીજાને ઉપદેશ આપવા અગ્રેસર..

### સુવિચાર

- વર્તમાન જ આપણા હાથની વાત છે, વર્તમાન વેડફી ન નાખશો - **બુધ્ધ**
- લાયક માણસને તેની લાયકાત મુજબ પદ-સ્થાન ન આપવો કે તેમાં ઢીલ કરવી તે લાયક માણસનું અપમાન છે - **કોન્ફ્યુશિયસ**
- ખરું સ્વાતંત્ર્ય બુધ્ધિ પર નિયંત્રણ સ્વીકારવામાં છે, અધમ તત્વ, ઉત્તમ તત્વના અંકૂશમાં રહે એનું નામ સ્વાયત્તતા - **સોક્રેટીસ**
- વિશુધ્ધ કળાના સર્જક માટે કલાકારનું અંતઃકરણ નિર્દોષ હોવું જોઇએ- **પ્લેટો**
- સૌંદર્ય એ ઇશ્વરની સૌથી મોટી ભેટ છે - **એરિસ્ટોટલ**
- કામ કરવાનું શીખવાનો એક જ માર્ગ છે, કામ કરવાનું શરૂ કરો - **લાઓત્સે**
- અવિવેકી લોકોનો ક્રોધ એમના જ કલ્યાણનો વિનાશક બને છે - **ચાણક્ય**

### બોધકથા

આજકાલ વેપાર ઉદ્યોગમાં છેતરપીંડી, ઠગાઇ ઉતરતી ક્વોલીટીનો માલ આપવો એ બધું 'વ્યવારિક' ગણવામાં આવે છે એટલું જ નહીં વિદેશ માટે નિકાસ કરતા માલ બતાવે નમૂનો ઊંચી જાતનો ને મોકલે હલકાં પ્રકારનો, આમાં વેપારીનું ખરાબ લાગે જ છે પણ દેશનું - રાષ્ટ્રનું પણ નામ બગડે છે. પણ શરમ કોને છે?

હિંદના દાદા તરીકે પ્રખ્યાત દાદાભાઇ નવરોજી કારકિર્દીની શરૂઆતમાં એક વેપારી પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા. એમની કંપનીને દોરાના રીલ મોકલવાનો ઓર્ડર મળ્યો. ભાગીદાર અને મેનેજરની સાંઠગાંઠથી સો ગજ દોરાને બદલે દરેક ફીંડલાંમાં એંસી જ ગજ દોરો મૂકાયો હતો.

દાદાભાઇની આંખે આ ચોરી પકડાઇ ગઇ. માલ અટકાવી દોરાનું નવેસર માપ કઢાવ્યું. સો ગજને બદલે એંસી ગજ દોરો થયો.

દાદાભાઇએ આ વાત પોતાના ભાગીદાર ને કરી. ભાગીદાર કરે, નફો વધારવા આવું તો કરવું પડે! જો ફરિયાદ આવશે તો જોઇ લેશું!

નીતિવાન દાદાભાઇને આઘાત લાગ્યો, આવી અનીતિમય કમાણી કરતાં ભૂખે મરવાનું તેમને બહેતર લાગ્યું, અને પેઢીમાંથી છૂટા થયા.

# હે પ્રભુ! મારા ખભા મજબૂત કર

**વિચાર યાત્રા**
- જય ઓઝા

એક દૃશ્ય - મસમોટું ટોળું વર્તુળાકારે જામ્યું હતું. વચ્ચોવચ એક મદારી સાપને ખેલ કરાવતો હતો, તે જોવા માટે જામેલા ટોળાના પાછલા ભાગે એક માણસ તેના બાળકની આંગળી પકડીને ખેલ જોતો હતો. પરંતુ સાવ ઓછી ઊંચાઇ ધરાવતું બાળક ખેલ ન જોઇ શકવાની અકળાતું હતું. - 'પપ્પા, પપ્પા મારે પણ જોવું છે!' આ કાલા, મીઠા શબ્દો પપ્પાના કાને પડે એટલે તરત તેને ઊંચું કરીને ખભે બેસાડે છે. વચ્ચે ચાલતાં ખેલની કુતૂહલતા કે વિસ્મયતા જોવા કરતાં વધારે આનંદ બાળકને એ હોય છે કે પોતે પપ્પાને ખભે ચડીને ઊંચાઇ પરથી કશુંક જોઇ શકે છે, અને આવો જ ભાવ તેને હર્ષના ઉદ્ગાર કાઢવા પ્રેરે છે.

બીજુ દૃશ્ય - માતા-પિતા સાથે આંગળી પકડીને મંદિરે જતું બાળક, બીજા સ્ત્રી-પુરૂષોને ઊંચો ટાંગેલો ઘંટ વગાડતા જુએ છે, એટલે મમ્મીની સાડીને છેડો કે પપ્પાનું શર્ટ ખેંચીને ઘંટનાદ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. મમ્મીની સાડીનો છેડો કે પપ્પાનું શર્ટ ખેંચીને ઘંટનાદ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. મમ્મી કે પપ્પા તેને ઊંચો કરી ખભે બેસાડી ઘંટ પાસે પહોંચાડે ત્યારે અવર્ણનીય આનંદ અનુભવતું બાળક બીજા વીસેક વર્ષ પછી આજ ઘટનાનું પુનરાવર્તન કરે છે, ત્યારે પોતે પિતાના રોલમાં હોય છે. અને પોતાના પુત્રને ખભે બેસાડીને ઘંટનાટ કરાવે છે.

**ખભા એ દરેક વ્યક્તિના જીવનમાં મહત્ત્વનો રોલ અદા કરે છે, એક સ્ત્રી પરિવારના બાળકો અને પરિવારની એકસૂત્રતા જાળવવાની ભેખ લઇને ખભા મજબૂત કરે છે, પુરૂષે પરિવારની આર્થિક, સામાજિક સુરક્ષા પુરી પાડવા ખભા મજબૂત રાખવા પડે છે**

આજે પરિસ્થિતિમાં બદલાવ છે, મા-બાપ તેમના બાળકને કમરે, છાતીએ કે ખભે તેડવાનું પસંદ કરતા નથી. બાળકને કેડે ઊંચકીને ફરવું તે કદાચ પછાતપણું મનાવા લાગ્યું છે. સ્ત્રીઓ કલાનિકેતન કે આસોપાલવમાંથી લીધેલ મોંઘા ભાવના ડ્રેસ અને સાડી બગડી ન જાય, ચીંથરા ચૂંથાઇ ન જાય એ માટે બાળકને એવી રીતે ઉપાડે છે કે જાણે કચરાની ડોલને ઉકરડામાં ફેંકવા ન જતા હોય! અને એથી પણ આગળ ઘણી મોમ્સ તો આ જવાબદારી આયાને જ સોંપે છે, હવે વળી આપણે ૨૧મી સદીના માનવો બાબા ગાડીમાં જ બાબા કે બેબીને ધકેલીએ છીએ... આથી જ બાળકો તેમની વ્હાલસોયી માના શરીરની હૂંફ અને મમતાના સીધા સંપર્કથી વંચિત જ રહી જાય છે.

માતા-પિતાના ખભે ચડીને જેણે બાળપણ વિતાવ્યું નથી એ આખી જિંદગી પાછળ જ રહી જાય છે. જેને દુનિયાને ઊંચાઇ પરથી જોવાની નાનપણથી જ ટેવ ન પડી હોય તે ખતા જ ખાય ને! દુનિયાના દૂષણોનો સામનો કરવાની તાકાત તેને બાળપણમાં નથી મળી હોતી એટલે આખી જિંદગી આશ્રય માટે બીજાના ખભા શોધવામાં પસાર કરી દે છે.

બાળક અને માતા-પિતા પૂરતી જ આ વાત નથી... ખભા એ દરેક વ્યક્તિના જીવનમાં મહત્વનો રોલ અદા કરે છે. એક સ્ત્રી પરિવારના બાળકો અને પરિવારની એકસૂત્રતા જાળવવાની ભેખ લઇને ખભા મજબૂત કરે છે. પુરૂષે પરિવારની આર્થિક, સામાજિક સુરક્ષા પુરી પાડવા ખભા મજબૂત રાખવા પડે છે.

રખે ને માનતા કે રોજ દંડ બેઠક કરવાથી ખભા મજબૂત બને છે. આજકાલ જિમમાં જઇને છાતી અને બાવડાં વિકસિત કરવાની ફેશન ચાલી છે, ત્યારે એવું પણ બને કે કદાવર શરીર સૌષ્ઠવ ધરાવતો વ્યક્તિ એક નાના વાવાઝોડામાં ડગમગી જાય. ખભા મજબૂત ત્યારે બને છે જયારે વ્યકતિ જીવનમાં આવતી તડકી છાયડી જુએ, મુશ્કેલીઓનો, વિવિધ પ્રશ્નોનો અડગ રહીને સામનો કરે... અને ખભા મજબૂત કરવાની આ પ્રોસેસ લાઇફ ટાઇમ ચાલે છે...

સમગ્ર જીવન દરમિયાન આપણા પર ઘટતી સારી-નરસી બાબતોને જોવાનો દૃષ્ટિકોણ જો આપણે હકારાત્મક રાખીએ તો ખભા ઉત્તરોત્તર મજબૂત જ થવાના...

અંબુજા સિમેન્ટના વિજ્ઞાપતનું પોસ્ટર યાદ આવે છે? જેમાં એક હિ-મેન તેના બે કદાવર બાહુઓ વચ્ચે સમગ્ર ઇમારતને સમાવી લે છે. તેના ખભા અને બાવડા નાનપણમાં મને ખૂબ આકર્ષતા... પણ આજે હું તેનો ખરો ગૂઢાર્થ સમજ્યો છું.

દરેક વજને વાત જુદી - જુદી છે... નિષ્ઠા, પ્રેમ, પ્રમાણિકતા, આ બધા બોજ ખભા પર ઊંચકવા અને નિભાવવા તેમાં જ જીવનનું સાફલ્ય છે.

બોજ ઊંચકવો અને બોજ ઊંચકાવવો એ આપણા જીવનનું અવિભાજય અંગ છે... આપણે બોજ ઊંચકાવવામાં તો શૂરા-પૂરા છીએ... બસ ઊંચકવામાં જ દાંડાઇ કરીએ છીએ.

આપણને મોટા કરવા માટે માતા-પિતા આપણો ભાર ખભે નાંખીને ચાલે છે, અને જરા પણ ઊંહકાર કર્યા વગર હસતે મોંઢે જવાબદારી વહન કરે છે.

જયારે આપણો વારો આવે છે... એ મા-બાપને કાવડમાં બેસાડીને ખભે ઊંચકવાનો, ત્યારે આપણે બોજ વેંઢારતા હોઇએ તેવો ભાવ અનુભવીએ છીએ... આ તો કેમ ચાલે? જે મા-બાપે આપણને ખભે બેસાડ્યા, આપણે તો તેમના માથે જ ચડી બેઠાં.

માનવી જીવનમાં અપેક્ષા રાખતો હોય છે કે, કપરી ક્ષણોમાં તેને આશ્વાસન મળી રહે તે માટે એવો એક ખભો હોય જયાં એ માથું ટેકવીને રડી શકે, હળવો થઇ શકે... પરંતુ જયારે આવો ખભો ન મળે ત્યારે તે દુઃખી થઇ જાય છે... અરે પણ શું કામ આવા ધોખા કરવાના! ગમે તે કરો, મથો, તૂટી જાઓ, માથા પછાડો કાંઇ ફેર પડવાનો નથી... આપણા કુલી તો આપણે જ બનવાનું છે... આપણો બોજ ખુદ આપણે નહીં ઉપાડીએ તો કોણ ઉપાડશે?

હે પ્રભુ! એવી શક્તિ આપો કે હું બધી જવાબદારીઓ ખબે મૂકીને ચાલી શકું.

'હે પ્રભુ! મુશ્કેલી દેવી હોય તો દે, પણ મારા ખભા મજબૂત કર...'

-jayuoza@gmail.com

**સમગ્ર જીવન દરમિયાન આપણા પર ઘટતી સારી-નરસી બાબતોને જોવાનો દૃષ્ટિકોણ જો આપણે હકારાત્મક રાખીએ તો ખભા ઉત્તરોત્તર મજબૂત જ થવાના...**

## આ સૃષ્ટિને માણવાનો અવસર એટલે જ જિંદગી...! અહીં સુંદર રંગો- સુંદર દશ્યો - સુંદર પરિવર્તનો, મન ભાવન સંગીત ભર્યું છે, કુદરત આપણને અહીં આગવી ઓળખ સ્થાપિત કરવા વાતાવરણ આપે છે

**શ્રુતિ બંધનમ્**
- ડો. બ્રિજ

જબ હમ જનમતે હૈં,
તબ વિધાતા હમારે હાથોં મેં
એક અદશ્ય, અનગઢ પત્થર સૌંપ દેતા હૈં।
જો
જીને કી કલા જાનતે હૈં,
વે તરાશકર ઉસકી સુંદર મૂર્તિ તૈયાર કર લેતે હૈં।
જો
નહીં જાનતે,
વે આજીવન ઉસકા ભાર વહન કરતે હૈં।
ઔર અન્ત મં (વૈતરણી પાર કરતે સમય)
ઉસી કે ભાર સે ડૂબ જાતે હૈં।
- **'અમ્બાશંકર નાગર'**

સહજ-સરલ શબ્દોમાં જીવનની ગતિ પ્રગટે છે. જન્મથી શરૂઆત પામતું આપણું આગવું જીવન વિશ્વ. સુખ-દુખ ભરેલી ગતિવિધિઓ વચ્ચે હસવું - રડવું - બોલવું - મૌન થઈજવું જેવું ચાલ્યા કરે છે. પ્રસ્તુત કવિતામાં જિંદગીના આકારની વાત છે. આપણી અંદર જાણે એક મૂર્તિકાર છે અને એ આપણી જ પ્રતિમા કંડારે છે. કયારેક આપણું મન કશું જ ન કરે એટલે આપણી પોતાની જ ઈચ્છા - આકાંક્ષાઓમાં વિસરતા - જીવન પ્રત્યેની ઉદાસીનતા મૂર્તિને આકાર આપવા અસમર્થ થઈ પડે અને આમ જિંદગીના રંગમંચ ઉપરની એક મૂર્તિ ઉત્સાહના ભાવ વિહોણી બની રહે છે. બીજી બાજુ કુદરતના સર્જનને માણતી વ્યક્તિ તેનું અંગત - તેનું મન તેને કેળવે છે ખૂબ જ બારીકાઈ ભર્યું કાર્ય ત્યાં થાય છે અને આંખને ઠારે તેવો મન નાચી ઊઠે તેવો એક મનુષ્ય ખડો થાય છે. કાવ્યમાં કવિ અંતમાં લખે છે : 'આપણે આપણા જ ભાર તળે દટાઈ જઈએ છીએ.' આપણે જ આપણા તારણહાર. કુદરતે સર્વશક્તિઓથી ભરીને આપણને પૃથ્વી ઉપર અવતાર આપ્યો છે.

સફળતા એ જ જિંદગી એવું આપણા દિમાગમાં જડાઈ ગયું છે. જિંદગી એટલે આનંદ બિલકુલ ભૂલાઈ ગયું છે. આનંદ સાથેનો નાતો ક્ષણિક થઈ રહ્યો છે અને એટલે જ જિંદગીની કવિતા સમજાતી નથી. એ સંગીત કી દુનિયા હમ સે રૂઠી હી રહતી હૈં. પંખીનો કિલકિલાટ મને સંભળાતો નથી. ઝરણાંનું તો વળી ગીત હોય? નદીનો વેરાન ભૂમિમાં પણ નર્યું મૌન ભર્યું છે. ડુંગરની ટોચે સરસર કરતો પવન વહેતો હોય છે. જાણે બાંસૂરીમાં ફૂંક પૂરવા મથતો હોય. આકાશે રચાતાં વાદળોનું સુંદર ચિત્ર સાથે વિજળીના ચમકારાના લસરકા. વરસાદના ટીપે રચાતું ધરતી - આકાશનું મિલન. સરોવરો ઝીલાતાં બુંદ કેવું સંગીત રચતાં હોય છે. દોસ્તો, જિંદગીના આનંદ સ્થાનો કેટલાં? તેને શોધવાં કયાં? કદાચ તેનો જવાબ હોય.

'અહીં તહીં અને અઢળક.'

આપણી આસપાસ વેરાયેલી પ્રકૃતિ અને તેનો રંગો. તેનું, આગવું સૌંદર્ય અને તેનું આગવું સંગીત માનવ મનના તરંગોને અવતારવા સમર્થ છે. કુદરતી આપણી ખુદની ઓળખ સ્થપાય તેમાં રાજી છે. તેને સર્જેલી સૃષ્ટિની અતરંગીતામાં ડૂબકીઓ મારવાનું સદ્ભાગ્ય આપણને સાંપડ્યું છે. આ સૃષ્ટિને માણવાનો અવસર એટલે જ જિંદગી...! અહીં સુંદર રંગો- સુંદર દશ્યો - સુંદર પરિવર્તનો, મન ભાવન સંગીત ભર્યું છે. કુદરત આપણને અહીં આગવી ઓળખ સ્થાપિત કરવા વાતાવરણ આપે છે. આપણા મનની વિશાળતામાં આ બધું સમાવી અને આનંદ નભમાં ઉડવાની શરૂઆત કયારે? પ્રશ્નો અને અડચણો ભરી જિંદગીમાં આપણએ આનંદ ક્ષણોથી દૂર હટી જઈએ છીએ. આપણે આપણી સાથે જીવતા માણસ પાસે અનુકુળથાઓ શોધીએ છીએ. તેની જિંદગીના રંગો મને પીડા આપે છે, દુઃખી કરે છે પરંતુ મારા રંગો માટે હું મથતો નથી. તેને નિરખવાની દરકાર નથી. એટલે જ કદાચ સંગીતમીય - સૌંદર્યમયી જિંદગી પીડાકર થઈ પડે છે.

મને બચપણથી ઋષિ શબ્દ પ્રત્યે અને ઋષિનામના પાત્ર પ્રત્યે ગજબનું આકર્ષણ રહ્યું છે. જયારે ભણવામાં આવ્યું કે આપણી સંસ્કૃતિના જતનમાં ઋષિમુનિઓની સમર્પણ અને સાધના રહેલી છે. વેદ-ઉપનિષદોના અવરણમાં તેમનું તપ રહેલું છે. ત્યારે મને અનેક સવાલો થતા કે ઋષિ જ આ બધું કેમ કરી શકતો હોય? તેનો જન્મ માનવની જેમ જ તો છે તો પછી તેમનું સામર્થ્ય હજારો-લાખો વર્ષો સુધી અક્ષત કેમ? હમણાં થોડું સમજાય છે. ઋષિઓ પ્રકૃતિપુરૂષો હતા. કુદરતના ખોળે જ રહીને કુદરતના સૌંદર્યના ખરા અર્થમાં માણ્યા પછી આગવી પ્રતિમા - પ્રતિભા આકાર પામે છે, જે યુગો લગી માનનીય પદ ભોગવે છે. તેમની મૂર્તિ સુંદર રીતે તૈયાર થઈ એવું આપણે કહી શકીએ. તેમની મૂર્તિ પાસે અનેરું સૌંદર્ય છે. તેવું આપણે કહી શકીએ. એ આકાર દેહ રૂપે આ સૃષ્ટિમાં ન હોવા છતાં કાયમ સૃષ્ટિના કણેકણમાં જડાઈ જાય છે.

અહીં કાળીદાસ કુદરતી સૌંદર્યનું ગાન આદરે છે અને યુગો લગી જીવે છે. અહીં કોઈ ચિત્ર થકી કુદરતની સુંદરતાના પ્રેમમાં પડે છે. અહીં કોઈ કુદરતે વરેલા સંગીતના હરવાલે થઈ મસ્ત બને છે. અહીં કોઈ ગીતા ગાનારના પ્રેમમાં પડે છે અને વિચારપુરૂષ બની ખ્યાત થાય છે. અહીં કોઈ કુદરતની અમાપ શક્તિના પ્રેમમાં પડે છે અને તેનું અંગત સામર્થ્ય વિકસી જાય છે. અહીં હરકોઈને મળતી પ્રસંશા - તાળીઓના સરપાવ, સન્માનોનો વરસાદ અમસ્તો નથી હોતો. કયાંક આ થવા પાછળ પ્રકૃતિ પ્રેમ કારણભૂત નહીં હોય? શાયદ.

**સ્વીટ રેઇન :**

એક સવારે
નાનો ત્રણ વરસનો બાબો.
મને ખેંચતો ડ્રોઈંગ રૂમની બહાર લઈ ગયો.
હું સહજ ખેંચાયો.
બહાર ઓસરીમાં ચકલીઓનું ટોળું આવ્યું હતું.
તેના અચરજે મને શું આપ્યું?
પંખીનું સ્મિત જાણે કુદરતનું ગીત.
મેં બાવાના ખૂશી ભરેલા ગાલને ચૂમી લીધા.

- **સ્વતઃ**

## અઠ્ઠાવન વર્ષની ઉંમરે પણ જોરસંગમાં વીસ વર્ષના યુવાન જેવો તરવરાટ દેખાય છે... તેની આંખનું તેજ કંઇક અનોખું જ છે... તેને ગુમાવ્યાનું દુઃખ કરતાં મેળવ્યાનો આનંદ ઘણો છે

**મોંઘેરા મોતી**
- નટવર આહલપરા

### સાંઠ વર્ષે તરવરિયો યુવાન


કહેવાય છે ને કે, મનુષ્ય કયારેય ગરીબ નથી હોતો પરંતુ એના સંજોગો ગરીબ હોય છે. મનુષ્ય કયારેય દુઃખી નથી હોતો પરંતુ એના સંજોગો દુઃખી હોય છે, કુદરત પણ કયારેક કેવી કરામત કરે છે! જેને કંઈક મેળવવું છે, જેને કંઈક બનવું છે. તેને જ કુદરતની અને કપરા સંજોગોની અનેક થપાટો ખાવી પડે છે. પરંતુ જોરસંગનું વ્યક્તિત્વ તો ચટ્ટાનો સાથે બાથ ભીડે તેવું છે. તેને નાનપણથી આજ પર્યંત જે સંઘર્ષ કર્યો છે. તે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં હાર્યો નથી. તે આશાવાદી છે. ભણતર ભલે છૂટી ગયું. પરંતુ તેણે માત્ર સત્તર વર્ષની ઉંમરે ઘરની આર્થિક સ્થિતિને પહોંચી વળવા હીરા ઘસ્યા છે. તે કાવ્યસર્જન કરે છે. કવિ છે! તેનામાં ઉંડે ઉંડે શિક્ષણ પણ છૂપાયેલો પડ્યો છે, એટલે તે કયારેક ભણતર માટે કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવે છે. સંગીત, સાહિત્ય, અભિનય, પ્રાચીન ભજન-વાણી જેવા સંસ્કારો જેના શરીરની નસેનસમાં વહે છે, એવા જોરસંગના મનમાં આજે પણ શિક્ષણ માટે કંઈક કરી છૂટવાની લાગણી છે. જોરસંગ આખો દિવસ હીરા ઘસવાનું કમરતોડ કામ કરે અને રાત્રે ગામનાં અભણને ભણાવે. 'અભણને ભણાવો અને દીવે દીવો પ્રગટાવો.' આ પંક્તિ તો જોરસંગના હાડોહાડમાં વ્યાપી ગઈ હતી. કોઈ ટીખળ કરતાં કે, 'ગામમાંથી નિરક્ષરતા કોણ મીટાવશે?' ત્યારે જોરસંગ હસતાં-હસતાં તેની મોટી-મોટી મૂછો પર હાથ મૂકી કહેતો, 'ગામની નિરક્ષરતા નિવારવા બાપુ બંકડા જોરસંગ રવજી પઢિયાર હજુ જીવે છે. ચિંતા કરવાની જરૂર નથી.'

આજે અઠ્ઠાવન વર્ષની ઉંમરે પણ જોરસંગમાં વીસ વર્ષના યુવાન જેવો તરવરાટ દેખાય છે... તેની આંખનું તેજ કંઈક અનોખું જ છે... તેને ગુમાવ્યાનું દુઃખ કરતાં મેળવ્યાનો આનંદ ઘણો છે.

જોરસંગ રવજી પઢિયાર. ભાવનગર પાસે ગઢડા તાલુકામાં આવેલું ગોવાળિયાનું લાખણકા ગામ. ગામમાં એક કારડિયા રજપૂતનું ખાનદાન કુટુંબ. તારીખ : ૨૧-૧૨-૧૯૫૨માં પઢિયાર કુટુંબે જોરસંગ જન્મ્યો. પ્રાથમિક શાળાનો અભ્યાસ લાખણકામાં, અગિયાર ધોરણ સુધીનો અભ્યાસ ગઢડામાં. સ્વ. મોહનલાલ મોતીચંદ હાઈસ્કૂલમાં કર્યો. પછી ભણતર છૂટી ગયું.

ગઢડા (સ્વા.) તાલુકાના લાખણકા ગામના કૃષિકાર અને ભજનના ઓડિયો ગીતકાર (મૂળ નામ જોરસંગભાઈ રવજીભાઈ પઢિયાર) પણ સાહિત્ય જગત તેમને પાર્ષદ પઢિયારના નામે ઓળખે છે.

ઊંડાણના ગામડામાં રહી ખેતી સાથે શબ્દ સાધના કરતાં આ કવિ શિક્ષણ પ્રત્યેનો ફાટફાટ લગાવે



છે. સરળ અને સાદુ જીવન જીવતાં નખશિખ સદ્ગૃહસ્થ, લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવતાં જાનપદી જણ છે. તેઓ કદિયે લોકપ્રિયતાના મૃગજળ પાછળ દોડ્યા નથી. સ્વયં સ્ફુરિત આત્મધર્મને પ્રાધાન્ય આપી વ્યવસાયિક, સામાજિક અને પારિવારિક જવાબાદરીઓને નિભાવવા અત્યાર સુધીમાં સો જેટલી ઓડિયો/સી.ડી.માં તેમની રચના સ્વરબધ્ધ પામી સંગ્રહિત થઈ છે. ભજનની દુનિયામાં ગુંજતું તેમનું એક સુખ્યાત ભજન 'કાનાને મનાવો તમે મથુરામાં જાઓ ઓધવજી કાનાને મનાવો.' (સ્વરકાર પણ પોતે જ) ગુજરાતના નામી/અનામી ગાયકોએ સ્વર આપી પોંખ્યું છે. આ એક જ ભજન તેમના ભૌતિક નામને ચિરકાળ સુધી જીવાડશે. એવી શુકનિયાળ એંધાણી તેમાંથી વંચાય છે. ઉપરાંત આકાશવાણી પરથી પણ તેઓ અનેકવાર રજૂ થયા છે. ગુજરાતના શિષ્ટ સામયિકમાં ઘણી રચના પ્રગટ થઈ છે. યુવકે મહોત્સવ તેમજ અખિલ ગુજરાત કાવ્ય સ્પર્ધામાં ભાગ લઈ અનેક સિધ્ધઓ હાંસલ કરી ગામ અને તાલુકાનું નામ ઉજ્જવળ કર્યું છે.

માત્ર ૧૧ ધોરણ સુધીનો અભ્યાસ. શિક્ષક ન થવાનો રંજ આજેય પીડા બની હાડોહાડ પજવે છે. બાળકની બૌધ્ધિક ક્ષમતા પ્રમાણે અભ્યાસક્રમ હોવો જોઈએ. તો જ ભાર વગરનું ભણતર સાર્થક થયું ગણાય. એવું દઢપણે માનતા આ લોક શિક્ષક / કવિએ પ્રૌઢ શિક્ષણના પણ વર્ગો ચલાવી ઘણાંને અક્ષરજ્ઞાન આપ્યાનું પૂણ્યકાર્ય કર્યું છે. સરકારશ્રી તરફથી રજતચંદ્ર પણ એનાયત થયો છે. એવા તળપદા માણસને મળવાનું સંપર્ક સૂત્ર છે, મો. નં. ૯૭૨૪૩૧૧૭૪૨.


(અનુસંધાન પાના નં. ૬ પર)

### આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


**૨૨મી મે**

**રાજા રામમોહનરાયની જન્મજયંતિ**



- વૈચારિક ક્રાંતિના પ્રણેતા રાજા રામમોહન રાય તા. ૨૨-૫-૧૭૭૨માં જન્મદિન. રૂઢિચુસ્ત સમાજમાં સુધારણા માટે એકલાં હાથે ઝેહાદ જગાવી બ્રહ્મસમાજની સ્થાપના, અંગ્રેજી કેળવણીની આવશ્યકતા, સ્વદેશીનો હિમાયતી, મૂર્તિપૂજા, કર્મકાંડ, સતીપ્રથાના વિરોધી એવા અનેક પ્રેરકબળ.

રાજા રામમોહન રાયનું અવસાન ૧૮૩૨માં થયું.



- ૧૪૯૮માં વાસ્કો-દ-ગામા કાલીકટ બંદરે ઊતર્યા.
- જયારે ૧૧૯૫માં મહાન મુસાફર માર્કોપોલેએ પોતાની સફરની શરૂઆત કરી.